# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી. એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ

**Shruti S. Boda**
**Research Scholar**
**Department of Education**
**Veer Narmad South Gujarat University, Surat.**
**Email:- shruti.boda@gmail.com**

**Dr. Bhavesh M. Modi**
**Assistant Professor**
**Department of Education**
**Veer Narmad South Gujarat University, Surat.**
**Email:- bmmodi@vnsgu.ac.in**

## પૂર્વસારાંશ

પ્રસ્તુત સંશોધનના સંદર્ભમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સલગ્ન બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. સંશોધક દ્વારા સૌ પ્રથમ માનસિક સ્વાસ્થ્ય માપદંડની રચના પ્રારંભિક સ્વરૂપમાં કરવામાં આવી તેની તાર્કિક સમીક્ષા હાથ ધરી અંતિમ સ્વરૂપના માનસિક સ્વાસ્થ્ય માપદંડનું પૂર્વેક્ષણ હાથ ધરી તેનું કલમ પૃથક્કરણ, વિશ્વસનીયતા અને સુસંગતતાના મૂલ્યો શોધી માનસિક સ્વાસ્થ્ય માપદંડનું પ્રમાણીકરણ કરવામાં આવ્યું. ત્યારબાદ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન 57 બી.એડ્. કૉલેજોમાંથી યાદૃછિક નમૂના પસંદગી દ્વારા 10 બી. એડ્. કૉલેજોની પસંદગી કરવામાં આવી હતી. સંશોધન અભ્યાસમાં સમાવિષ્ટ કોલેજોમાંથી કુલ 270 પ્રસિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ ચલોનાં આધારે કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયેલી માહિતી પરથી પ્રશિક્ષાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની કક્ષા, સરાસરી, પ્રમાણવિચલન, સરાસરીઓના તફાવતની પ્રમાણભૂલ અને ક્રાંતિક ગુણોત્તર (ટી -મૂલ્ય) જેવી આંકડાશાસ્ત્રીય ગણતરીઓ કરવામાં આવી હતી. જેના આધારે પ્રાપ્ત પરિણામોનું અર્થઘટન અને તારણો તારવવામાં આવ્યા હતાં.

## 1. પ્રસ્તાવના

આધુનિક સામાજિક જીવનમાં બદલાતી જતી પરિસ્થિતિમાં વ્યક્તિએ પોતાની માનસિક સમતુલા અને માનસિક સ્વાસ્થ્ય કેવી રીતે ટકાવવું તે ઘણી અગત્યની સમસ્યા છે. માનસિક સ્વાસ્થ્ય એ શારીરિક સ્વાસ્થ્ય જેટલી જ મહત્વની બાબત છે આમ છતાં આપણામાંના મોટા ભાગના લોકો માનસિક સ્વાસ્થ્ય અંગે જોઈએ તેટલા પ્રમાણમાં સજાગ, સભાન કે ચિંતિત હોતા નથી. સમાયોજનની સમસ્યાઓ, આત્મવિશ્વાસનો અભાવ, અકારણ ચિંતા, હતાશા કે લઘુતાને આપણે વ્યક્તિનો સ્વભાવ કે ખાસિયત તરીકે ઓળખાવીને અવગણના કરીએ છીએ. આ માનસિક અવસ્થાના લક્ષણની કોઈ ખાસ નોંધ લેતા નથી તેનું મુખ્ય કારણ માનસિક સ્વાસ્થ્યની ખોટી ભૂલ ભરેલી સંકલ્પનામાં રહેલું છે.

દોંગા (2010) ના જણાવ્યા અનુસાર અંગ્રેજી પદ Mental Health ના પર્યાય તરીકે ગુજરાતી ભાષામાં માનસિક સ્વાસ્થ્ય કે 'માનસિક તંદુરસ્તી' પદ પ્રયોજાય છે. કાર્ટર વી. ગુડના શબ્દકોષ અનુસાર, Mental Health નો અર્થ છે " The Wholesomeness of the mind" અર્થાત્ મનની આરોગ્યપ્રદતા થાય છે જેમ શારીરિક આરોગ્ય વ્યક્તિના શારીરિક અવયવો અને તેનાં કાર્યો સાથે સંબંધિત છે તેમ માનસિક સ્વાસ્થ્ય વ્યક્તિના મન અને તેના કાર્ય સાથે સંબંધિત છે.

અમેરિકન મનોચિકિત્સક સંઘ માનસિક સ્વાસ્થ્યની વ્યાખ્યા આપતા જણાવે છે કે માનસિક સ્વાસ્થ્યમાં અભિવૃદ્ધિ કરવા માટે અને વહેલા નિદાન તથા નિવારણ દ્વારા માનસિક માંદગીની અસરને ઘટાડવા માટે લેવાતાં પગલાઓનો સમાવેશ માનસિક આરોગ્યમાં થાય છે.

આજે શિક્ષણ જગતમાં આવતા પરિવર્તનોની સાથે સમાયોજન કરવું તે વિદ્યાર્થી, શિક્ષક અને વાલીઓ માટે મુશ્કેલ બનતું જાય છે. શિક્ષણની પ્રક્રિયાનો આધારસ્તંભ શિક્ષક છે. સારા નાગરિકના ઘડતર માટે શિક્ષકોને યોગ્ય કેળવણી મળી રહે તે માટે પ્રશિક્ષણ કાર્યક્રમ અને પ્રશિક્ષકો બંને ગુણવત્તાસભર હોય તે જરૂરી છે. માટે અહીં બી. એડ્. પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

## 2. સંશોધન હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ આ મુજબ નિર્ધારિત થયેલ.

2.1 સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ કરવો.

2.2 સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનો જાતીયતાના સંદર્ભમાં અભ્યાસ કરવો.

2.3 સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનો વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં અભ્યાસ કરવો.

2.4 સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનો કુટુંબના પ્રકારના આધારે અભ્યાસ કરવો.

## 3. સંશોધન ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત સંશોધનની શૂન્ય ઉત્કલ્પના આ મુજબ હતી.

Ho1 સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય માપદંડ પરના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

Ho2. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના પરિણીત અને અપરિણીત પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય માપદંડ પરના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

Ho3. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના સયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતા પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય માપદંડ પરના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## 4. સંશોધનમાં સમાવિષ્ટ ચલો

પ્રસ્તુત સંશોધનના ચલ આ મુજબ છે.

1. સ્વતંત્ર ચલ
    - જાતિયતા
    - વૈવાહિક દરજ્જો
    - કુટુંબનો પ્રકાર
2. પરતંત્ર ચલ
    - માનસિક સ્વાસ્થ્ય

## 5. સંશોધન વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ અને નમૂનો આ મુજબ છે.

પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન 57 બી. એડ્. કૉલેજમાં અભ્યાસ કરતાં વર્ષ 2024- 25 ના પ્રશિક્ષણાર્થીઓ પૂરતું સીમિત હતું. માહિતીના એકત્રીકરણ માટે યાદ્દચ્છિક નમૂના પસંદગીની રીતે નમુના પાત્રોની પસંદગી કરવામાં આવી હતી જેમાં સરકારી, અનુદાનિત અને બિનઅનુદાનિત બી.એડ્. કૉલેજનો સમાવેશ કરવામાં આવ્યો હતો જેમાં કુલ 10 બી. એડ્. કૉલેજના 270 પ્રશિક્ષણાર્થીઓનો નમૂના તરીકેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## 6. સંશોધન ઉપકરણ અને પ્રમાણીકરણ

પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં સંશોધકે માનસિક સ્વાસ્થ્ય અને તેના માપનના સંદર્ભે વિદ્વાન લેખકોના પુસ્તકો અને લેખોનો અભ્યાસ કર્યો. માનસિક સ્વાસ્થ્યના અનુસંધાને અગત્યના ચાર ઘટકો (1) સુગ્રથિત વ્યક્તિત્વ (2) શૈક્ષણિક સ્વ મૂલ્યાંકન (3) વાસ્તવિકતાનું પ્રત્યેક્ષીકરણ અને (4) સામાજિક પર્યાવરણ પર પ્રભુત્વ, પર આધરીત 90 કલમોની રચના માનસિક સ્વાસ્થ્ય માપદંડના પ્રારંભિક સ્વરૂપમાં કરવામાં આવી. તેના અનુસંધાને તજ્જ્ઞો પાસેથી સૂચનો મેળવામાં આવ્યાં અને સૂચિત સુધારાઓ કરી અંતિમ સ્વરૂપના 88 કલમોના માનસિક સ્વાસ્થ્ય માપદંડ સંદર્ભેનું પૂર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું અને તેનાં આધારે કલમ પૃથક્કરણ હાથ ધરી વિશ્વસનીયતા અને સુસંગતતાના મૂલ્યો શોધી માનસિક સ્વાસ્થ્ય માપદંડ પ્રમાણીકરણ પ્રસ્થાપિત કરવામાં આવ્યું.

માનસિક સ્વાસ્થ્ય માપદંડની કુલ 88 કલમોના સહસંબંધાંકના વિસ્તારનું મૂલ્ય 0.085 થી 0.723 પ્રાપ્ત થયું હતું. ઉપકરણની કુલ કલમો પૈકીની 80% કલમો ઉચ્ચ સહસંબંધાંક ધરાવતી જણાઈ હતી. તેમજ વિશ્વસનીયતાના સંદર્ભમાં અર્ધવિચ્છેદન પદ્ધતિથી કસોટીનું વિશ્વસનીયતા

મૂલ્ય 0.9294, સ્પીયરમેન બ્રાઉન પદ્ધતિથી 0.9634 પ્રાપ્ત થયું હતું અને ક્રોનબેક આલ્ફાની રીતે આંતરિક સુસંગતતાનું મૂલ્ય 0.9371 મળ્યું હતું. એકંદરે, માનસિક સ્વાસ્થ્ય માપદંડમાં સમાવિષ્ટ કલમો માપનક્ષમ જણાઈ.

## 7. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ કરવાનો હોવાથી સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

## 8. સંશોધન માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનું એકત્રીકરણ કરવા માટે સંશોધકે નમૂનામાં પસંદ થયેલ બી. એડ્. કૉલેજના પ્રાચાર્યશ્રી પાસેથી માહિતી પ્રાપ્ત કરવા માટેની મંજૂરી મેળવી હતી. ત્યારબાદ સંશોધકે પ્રત્યક્ષ હાજર થઈને 6 બી. એડ્. કૉલેજના અને google form દ્વારા 4 બી. એડ્. કૉલેજના એમ કુલ 270 પ્રશિક્ષણાર્થીઓ પાસેથી માહિતીનું એકત્રીકરણ કર્યું હતું.

## 9. સંશોધન માહિતીનું પૃથક્કરણ

પ્રસ્તુત સંશોધનમાં માહિતીનું એકત્રીકરણ કર્યા બાદ સંશોધક દ્વારા સમગ્ર નિદર્શ જૂથના બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય માપદંડ પર મેળવેલ કુલ પ્રાપ્તાંકોના આધારે કોમ્પ્યુટરના એક્સેલ પ્રોગ્રામની મદદથી P33 અને P66 શતાંસ્થની કિંમત શોધવામાં આવી હતી. જેમાં P33 = 304 અને P66 = 330 કિંમત મળી હતી. શતાંશસ્થની આ કિંમતના આધારે 330 કે તેથી વધુ પ્રાપ્તાંક મેળવનાર પ્રશિક્ષણાર્થીઓ ઉચ્ચ કક્ષાનું માનસિક સ્વાસ્થ્ય; 305 થી 329 સુધી પ્રાપ્તાંક મેળવનાર પ્રશિક્ષણાર્થીઓ મધ્યમ કક્ષાનું માનસિક સ્વાસ્થ્ય અને 304 કે તેથી ઓછા પ્રાપ્તાંક મેળવનાર પ્રશિક્ષણાર્થીઓ નિમ્ન કક્ષાનું માનસિક સ્વાસ્થ્ય ધરાવે છે તેવું અર્થઘટન નક્કી કરવામાં આવ્યું હતું. સંશોધન અભ્યાસ સંદર્ભે રચેલ ઉત્કલ્પનાઓની ચકાસણી માટે સરાસરી, પ્રમાણવિચલન, સરાસરીઓના તફાવતની પ્રમાણભૂલ અને ક્રાંતિક ગુણોત્તર (ટી – મૂલ્ય) જેવી આંકડાશાસ્ત્રીય ગણતરીઓ દ્વારા માહિતીનું પૃથક્કરણ કરી હેતુઓના સંદર્ભમાં તેનું અર્થઘટન કરવામાં આવેલ હતું.

## 10.સંશોધન માહિતીનું અર્થઘટન અને તારણો

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત થયેલ માહિતીનું અર્થઘટન અને તારણો આ મુજબ હતા.

બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની કક્ષા અંગેની માહિતી સારણી - 1માં રજૂ કરવામાં આવેલ છે.

**સારણી 1 : સમગ્ર નિદર્શ જૂથના બી.એડ્. કોલેજોનાં પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની કક્ષા**

| માનસિક સ્વાસ્થ્યની કક્ષા | પ્રાપ્તાંકોની હદ | પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા | ટકાવારી (%) |
|---|---|---|---|
| ઉચ્ચ | કે તેથી વધુ 330 | 90 | 33.33 |
| મધ્યમ | 305થી329 ની વચ્ચે | 87 | 32.22 |
| નિમ્ન | કે તેથી ઓછું 304 | 93 | 34.44 |
| | | 270 | 100% |

ઉપરોક્ત સારણી – 1.1 નું અવલોકન કરતાં સ્પષ્ટ થાય છે કે, 330 કે તેથી વધુ પ્રાપ્તાંક મેળવનાર પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા 90 છે એટલે કે નિદર્શન કુલ પ્રશિક્ષણાર્થીઓ પૈકી 33.33% પ્રશિક્ષણાર્થીઓ ઉચ્ચ કક્ષાનું માનસિક સ્વાસ્થ્ય ધરાવે છે. જ્યારે 305 થી 329 ની વચ્ચે પ્રાપ્તાંક મેળવનાર પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા 87 છે એટલે કે 32.22% પ્રશિક્ષણાર્થીઓ મધ્યમ કક્ષાનું માનસિક સ્વાસ્થ્ય ધરાવે છે, અને 304 કે તેથી ઓછા પ્રાપ્તાંક મેળવનાર પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા 93 છે એટલે કે 34.44% પ્રશિક્ષણાર્થીઓ નિમ્ન કક્ષાનું માનસિક સ્વાસ્થ્ય ધરાવે છે, તેવું તારણ મળેલ. એકંદરે, બી. એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની કક્ષાના સંદર્ભમાં લગભગ સમાન પ્રમાણ જણાયું.

**સારણી 2: જાતીયતાના સંદર્ભે બી. એડ્. પ્રશિક્ષણાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય**

| જાતીયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરી તફાવત | સરાસરી તફાવત પ્રમાણભૂલ (SED) | ક્રાંતિક ગુણોત્તર ( t – મૂલ્ય ) |
|---|---|---|---|---|---|---|
| પુરુષ | 46 | 313.1522 | 1156.52 | 0.329969 | 5.380667 | 0.061325 |
| સ્ત્રી | 224 | 313.4821 | 853.4015 | | | |

પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના જાતીયતાના સંદર્ભે માનસિક સ્વાસ્થ્યની તુલના કરવાની હોવાથી નમૂનામાં પસંદ કરેલ 270 પ્રશિક્ષણાર્થીઓમાંથી 46 પુરુષ પ્રશિક્ષણાર્થીઓ અને 224 સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ છે. તેઓએ માનસિક સ્વાસ્થ્ય માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 313.1522 અને 313.4821 છે અને પ્રમાણ વિચલન 1156.52 અને 853.4015 છે સરાસરી તફાવત 0.329969 છે. સરાસરી તફાવત પ્રમાણભૂલ (SED) 5.380667 ક્રાંતિક ગુણોત્તર (t – મૂલ્ય) ની કિંમત 0.061325 છે. જે 0.05 કક્ષાએ સારણીયન મૂલ્ય 1.96 કરતાં ઓછું પ્રાપ્ત થયેલ તેથી તફાવત સાર્થક જણાયેલ નહી માટે

Ho1 "સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય માપદંડ પરના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય." આ ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. આથી સ્પસ્ટ થાય છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય લગભગ સમાન જોવા મળે છે.

**સારણી 3: વૈવાહિક દરજ્જાના સંદર્ભે બી. એડ્. પ્રશિક્ષણાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય**

| વૈવાહિક દરજ્જો | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરી તફાવત | સરાસરી તફાવત પ્રમાણભૂલ (SED) | ક્રાંતિક ગુણોત્તર ( t – મૂલ્ય ) |
|---|---|---|---|---|---|---|
| પરિણીત | 24 | 300.5833 | 872.9493 | 14.09553 | 6.325137 | 2.228494 |
| અપરિણીત | 246 | 314.6789 | 894.0798 | | | |

પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના વૈવાહિક દરજ્જાના સંદર્ભે માનસિક સ્વાસ્થ્યની તુલના કરવાની હોવાથી નમૂનામાં પસંદ કરેલ 270 પ્રશિક્ષણાર્થીઓમાંથી 24 પરિણીત પ્રશિક્ષણાર્થીઓ અને 246 અપરિણીત પ્રશિક્ષણાર્થીઓ છે. તેઓએ માનસિક સ્વાસ્થ્ય માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 300.5833 અને 314.6789 છે અને પ્રમાણ વિચલન 872.9493 અને 894.0798 છે સરાસરી તફાવત 14.09553 છે. સરાસરી તફાવત પ્રમાણભૂલ (SED) 6.325137 ક્રાંતિક ગુણોત્તર (t – મૂલ્ય) ની કિંમત 2.228494 છે. જે 0.05 કક્ષાએ સારણીયન મૂલ્ય 1.96 કરતાં વધુ છે તેથી તફાવત સાર્થક છે. માટે Ho2 "સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના પરિણીત અને અપરિણીત પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય માપદંડ પરના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય." આ ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. આથી સ્પસ્ટ થાય છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના પરિણીત અને અપરિણીત પ્રશિક્ષણાર્થીઓનું માનસિક સ્વાસ્થ્યમાં તફાવત જોવા મળે છે.

**સારણી 4: કુટુંબના પ્રકારના સંદર્ભે બી. એડ્. પ્રશિક્ષણાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય**

| કુટુંબનો પ્રકાર | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરી તફાવત | સરાસરી તફાવત પ્રમાણભૂલ (SED) | ક્રાંતિક ગુણોત્તર ( t – મૂલ્ય ) |
|---|---|---|---|---|---|---|
| સયુક્ત કુટુંબ | 145 | 315.9241 | 812.746 | 5.396138 | 3.684723 | 1.464462 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિભક્ત કુટુંબ | 125 | 310.528 | 996.5052 | | | |

પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના કુટુંબનો પ્રકાર સંદર્ભે માનસિક સ્વાસ્થ્યની તુલના કરવાની હોવાથી નમૂનામાં પસંદ કરેલ 270 પ્રશિક્ષણાર્થીઓમાંથી 145 સયુક્ત કુટુંબમાં રહેતા પ્રશિક્ષણાર્થીઓ અને 125 વિભક્ત કુટુંબમાં રહેતા પ્રશિક્ષણાર્થીઓ છે. તેઓએ માનસિક સ્વાસ્થ્ય માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 315.9241 અને310.528 છે અને પ્રમાણ વિચલન 812.746 અને 996.5052 છે સરાસરી તફાવત 5.396138 છે. સરાસરી તફાવત પ્રમાણભૂલ (SED) 3.684723 ક્રાંતિક ગુણોત્તર (t – મૂલ્ય) ની કિમત 1.464462 છે. જે 0.05 કક્ષાએ સારણીયન મૂલ્ય 1.96 કરતાં ઓછું છે તેથી તફાવત સાર્થક નથી માટે Ho3 "સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના સયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતા પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય માપદંડ પરના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય." આ ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. આથી સ્પસ્ટ થાય છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના સયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતા પ્રશિક્ષણાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય લગભગ સમાન જોવા મળે છે.

## 11.ઉપસંહાર:

પ્રસ્તુત સંશોધનમાં બી. એડ્. પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રશિક્ષણાર્થીઓ દ્વારા આપવામાં આવેલ માનસિક સ્વાસ્થ્ય માપદંડ પરના પ્રતિચારોની ગણતરી અને અર્થઘટન કરીને તારણો તરવામાં આવ્યા છે. આજે માનસિક સ્વાસ્થ્ય પ્રત્યેની સજાગતા શારીરિક સ્વાસ્થ્યના પ્રમાણમાં ઓછી જોવા મળે છે. માટે અહી, પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

## 12.સંદર્ભસૂચિ :


ઉચાટ,ડી.એ. (2009) . ***શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સશોધનનું પદ્ધતિશાસ્ત્ર.***પારસ પ્રકાશન.

દોંગા, એન. (2010). ***શિક્ષણનું મનોવિજ્ઞાન.*** નીરવ પ્રકાશન

શાહ, એ. એસ. (2010). ***સ્વાસ્થ્ય મનોવિજ્ઞાન.*** પાર્શ્વ પબ્લિકેશન.

શુક્લા, એસ. (2011). ***શૈક્ષણિક મનોવિજ્ઞાન.*** અગ્રવાલ પબ્લિકેશન.

શુક્લા, એસ. (2019). ***સંશોધનમાં એક્સેલ.*** પૃક. ૯૭ થી ૧૦૨

સુથાર,બી.આર. (2020).**બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ.** અપ્રકાશિત મહાશોધ નિબંધ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.